# શ્રી મહાવીર ભગવાને આપેલો નવ તત્વોનો ''સિધ્ધાંત બોધ''

## જૈનો જાગો
લેખાંક : ૧

રમેશ વૈજાણી

જગતના સર્વોત્તમ મહાપુરુષ ભગવાન શ્રી મહાવીર સ્વામી, જગતનું સર્વશ્રેષ્ઠ જૈન કુળ અને જગતના સર્વ ધર્મોની સાધુ સંસ્થામાં સર્વશ્રેષ્ઠ એવી જૈન સાધુ સંસ્થા અને આવી સાધુ સંસ્થા પ્રત્યે આજના શ્રાવકોના અત્યંત ભક્તિભાવથી આદરપૂર્ણ વ્યવહાર અને એમની સામે સાધુ સંપ્રદાય તરફથી મળતો ધર્મબોધ.

અત્યારે આ કાળમાં મુંબઇમાં વર્તતા ઉપદેશ બોધનું પ્રમાણ વધી જવાથી ઊભા થતા નવા નવા વિવાદો અને વિવાદોને કારણે શ્રાવકોમાં જાગતી ધર્મ અને સાધુ સંસ્થા પ્રત્યે વધતા અભાવને કારણે સિધ્ધાંત બોધ જાણવો, સમજવો અને અનુભવવો જરૂરી હોવાથી વિસ્તારપૂર્વક સિધ્ધાંત બોધની સમજણ લેવી જરૂરી છે. સિધ્ધાંત બોધ શ્રી મહાવીર ભગવાને આપેલો બોધ અને ઉપદેશ બોધ દેશકાળ પ્રમાણે જીવોની યોગ્યતા પ્રમાણે આપેલા જ્ઞાની પુરૂષોએ આપેલો બોધ.

**ન્યાયમાં એક જીવને સુખ થાય**
**અને એક જીવને દુ:ખ થાય.**
**સમાધાનમાં સર્વ જીવોને સુખ થાય.**

સિધ્ધાંત બોધ કાળનો, ક્ષેત્રનો, લિંગનો, વેશનો કોઇપણ પ્રકારના ભેદ વગર સર્વ કાળે એક જ હોય છે. અને એ બોધમાં જીવને પુરૂષાર્થ કરવા માટે, એ બોધને ધારણ કરવા માટે જ્ઞાની પુરૂષોએ વ્યવહાર ધર્મ આપ્યો છે. વ્યવહાર ધર્મ દેશકાળ પ્રમાણે જ્ઞાનીઓ ફેરફાર કરતા હોય છે. અને જ્ઞાનીનો ફેરફાર બીજો જ્ઞાની કરી શકે. કોઇ બાળજીવ કરી ન શકે અને કરે તો મોટા દોષનું કારણ બને.

જૈન ધર્મમાં પાંચમા આરા માટે કેવળજ્ઞાની અને પરમાત્માનો યોગ ન હોવાથી મોક્ષમાર્ગમાં ચલાવવાનું કામ ગુરૂ પરંપરામાં જ્ઞાનીઓ થકી થઇ શકે. એવા જૈન ધર્મના જ્ઞાની પુરૂષોની વ્યાખ્યા.

**જૈન ધર્મના શાસ્ત્રોનો સાર :-**

''દેહ અને આત્માની ભિન્નતા જાણવી.
દેહ અને આત્માની ભિન્નતા માનવી.
અને દેહ અને આત્માની ભિન્નતા અનુભવવી.''

આ ત્રણેય પદનો સાર : આત્માનો અનુભવ કરવો. જૈન ધર્મના ચૌદ ગુણસ્થાનકમાં છઠ્ઠું ગુણસ્થાનક આત્માના દર્શન માટે કહેલું છે. જીવ ભાવે અને ગુણે છઠ્ઠા ગુણસ્થાનકમાં આવે અથવા સાતમા ગુણસ્થાનકે આવે તેને જ્ઞાનીપુરૂષ કહ્યા છે. દ્રવ્યથી ન ચાલે. છઠ્ઠે ગુણસ્થાનકના ભાવથી અનુભવે હોય અને ગુણોથી પ્રગટ લક્ષણે હોય.

**છઠ્ઠા ગુણસ્થાનક**ના છત્રીસ ગુણોમાંથી મુખ્ય પ્રગટ લક્ષણો છે જે બાળજીવો સમજી શકે, તે નીચે પ્રમાણે છે.

(૧)અશુભનો આરંભ અને પરીગ્રહ ટળી ગયો હોય.
(૨)આત્માની મુખ્ય વાણી હોય અને ક્રિયાઓનો આદર હોય, આગ્રહ ન હોય.
(૩)વાણીમાંથી વિરોધાભાસ ટળી ગયો હોય.
(૪)વચન સિધ્ધી, આરોગ્યપ્રદાનની લબ્ધી અને જ્ઞાનદાનની સિધ્ધી સહજ હોય.
(૫)સર્વ સાધનાઓથી પૂર્ણ થયેલા હોય અને ત્રીજે ભવે મોક્ષગામી હોય.
(૬)કોઈપણ સંપ્રદાયના આગ્રહી ન હોય.
(૭)સર્વ પ્રકારની ક્રિયામાં અત્યંત કર્મની નિર્જરા હોય. (પાપ અને પુણ્યથી નિવૃત હોય.)
(૮)ઓછામાં ઓછા બે જીવોને અને વધારેમાં વધારે ઘણા જીવોને વધીવધીને ૧૫ ભવે મોક્ષે જાય એવું સમકિતીધારી પરીણામ આપે.

**સાતમા ગુણ સ્થાનક**ના મુખ્ય પ્રગટ લક્ષણો નીચે પ્રમાણે છે :

(૧)શુભ અને અશુભનો આરંભ અને પરીગ્રહ ટળી ગયો હોય.
(૨)સર્વ પ્રકારની ઈચ્છારહિત સ્થિતી.
(૩)અજ્ઞાને પણ બીજા જીવો અનંત કર્મ ન બાંધે તેવો સહજ ઉપયોગ.
(૪)અપ્રમત્ત અવસ્થા (અલ્પ આહાર, અલ્પ નિદ્રા અને કર્મને આધીન સહજ જીવન વ્યવસ્થા)
(૫)કાળ અને ક્ષેત્રથી ઉદયમાં આવતા કર્મને આધીન જીવન.
(૬)સર્વ પ્રકારની સાધનાથી પર થયેલા અને સહજ સ્વરૂપે જગતની વંદના.
(૭)નિયમથી આવતા ભવે મોક્ષગામી (એક અવતારી)
(૮)સહજ સ્વરૂપે વિતરાગ મુદ્રા ધારણ કરી શકે.

આવા છઠ્ઠા અને સાતમા ગુણ સ્થાનકવાળા જીવોને જ્ઞાની પુરૂષ નવકારમંત્રના ત્રીજા પદના આચાર્ય કહેલા છે.

**ચતુર્વિધ સંઘ** વ્યવસ્થામાં

(૧)છઠ્ઠા અથવા સાતમા ગુણસ્થાનકવાળા આચાર્ય
(૨)સંપૂર્ણ શાસ્ત્રની જાણકારીવાળા ઉપાધ્યાય.
(૩)વ્યવહાર ધર્મ અને સિધ્ધાંત બોધનો સમન્વય કરીને સાધુ-સાધ્વીનું ધ્યાન રાખી શકે તેવા શ્રાવક.
(૪)શ્રાવિકા.

આવા પ્રકારની જૈન ધર્મની સંઘ વ્યવસ્થા છે.

વ્યવહારમાં ચાલતી વ્યાખ્યાઓનું **સિધ્ધાંત બોધ**ના આધારે અર્થઘટન જેમકે :

(૧)પુણ્યાનુંબંધી પુણ્યની વ્યાખ્યા.
(૨)નવકાર મંત્રનું અર્થઘટન.
(૩)અર્થ - કામ - ધર્મ અને મોક્ષ.
(૪)વ્યવહાર ધર્મ.
(૫)ઉપદેશબોધનું ફળ અને સિધ્ધાંત બોધનું પરીણામ.
(૬)જૈન કુળ પુણ્યના આધારે કે ગુણના આધારે?
(૭)અર્થના દાનની વ્યાખ્યા અથવા અર્થનું શ્રેષ્ઠ દાન કેવી રીતે થાય?
૮) સદોષ ગોચરી અને નિર્દોષ ગોચરીની સમજણ
૯) આવા બીજા અનેક વ્યવહારમાં ચાલતી વ્યાખ્યાઓનું અર્થઘટન

**જૈન સંપ્રદાયમાં ચાલતા મુખ્ય વિવાદો :-**

૧) એક તિથી અને બે તિથી
૨) સદેહે પૂજા કરાય કે ન કરાય? કરાય તો ક્યારે અને કોની કરાય?
૩) તીર્થના ચાલતા વિવાદો
૪) જૈનધર્મના સ્થાનકો(ઉપાશ્રય) મર્યાદીત સાધુ સાધ્વી માટે હોય કે સર્વ સાધુ સાધ્વી માટે હોય ?
૫) જૈન ધર્મના સ્થાનકોના ટ્રસ્ટી કોણ બની શકે? ધનવાન કે ગુણવાન? શાસ્ત્રની સમજણવાળા કે વગર સમજણવાળા.

**શ્રી મહાવીર ભગવાનના આપેલા સિધ્ધાંત બોધને દેશકાળ પ્રમાણે જ્ઞાનીઓએ સંપ્રદાયને આપેલી ક્રિયાઓ મહાવીર ભગવાનના તત્વોનું સ્થાપન કરીને વ્યવહાર ક્રિયાઓ કરતા કરતા એ ક્રિયાઓ ફળદાતાની બદલે પરીણામદાતા કેમ બને એને માટે આ લેખમાળા છે. આમાં કોઈપણ સંપ્રદાય કે કોઈપણ પ્રકારની ક્રિયાઓનો વિરોધ નથી.**

આવા અનેક વિવાદોનું સમાધાન શ્રી મહાવીર ભગવાનના શાસનમાં શ્રી મહાવીર ભગવાને આપેલા સર્વશ્રેષ્ઠ એવા અનેકાંતવાદના સિધ્ધાંતના આધારે સમાધાન કરવું જોઇએ.

**જૈન ધર્મ ન્યાયમાં માને છે કે સમાધાનમાં?**

ન્યાયમાં એક જીવને સુખ થાય અને એક જીવને દુ:ખ થાય. સમાધાનમાં સર્વ જીવોને સુખ થાય. તો એવી રીતના ઉકેલથી સમાધાનના માર્ગે શ્રી મહાવીર ભગવાને આપણું સર્વશ્રેષ્ઠ સૂત્ર **''સવી જીવ કરું શાસન રસી''** સૂત્ર સાર્થક થાય અને જૈન ધર્મના અનુયાયીઓને મળેલું પરમાત્મા તરફથી **ક્ષમા લેવી અને ક્ષમા આપવી** એવી ક્ષમાપના જીવોના જીવનમાં સાર્થક બને. અને એની બદલે જો જીવ જૈન સંપ્રદાયના આગેવાનો જો પોતાના પરમાત્માના આપેલા તત્વોનો નિર્ણય ધર્માચાર્યો પાસેથી કરાવી ન શકે અને અન્ય ધર્મીઓના આશ્રયે જઇને જૈન ધર્મના સિધ્ધાંતો અને ક્રિયાઓ અન્ય ધર્મના જીવો પાસેથી જાણીને કરાવે અથવા સમજીને કરાવે તો એને મહામિથ્યાત્વીનો દોષ લાગે. મહામિથ્યાત્વનો દોષ એટલે જ્ઞાન, જ્ઞાની અને પરમાત્માનો અનંત ભવ સુધી વિયોગ થઇ જાય. આવી સમજણ લઇને જીવ ઉપયોગ રાખે. જૈન ધર્મનું જ્ઞાન કહે છે કે કરવું, કરાવવું અને અનુમોદવું - ત્રણેયનો મહામિથ્યાત્વનો દોષ લાગે.

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઇપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઇપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઇપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આ બાબતની કોઇપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઇને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.

**આ દરેક મુદ્દાની શાસ્ત્રના આધારે જ્ઞાનસહીત બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય વિસ્તારપૂર્વકની સમજણ આગળના અંકોમાં આવશે.**

અત્યારે જ્યારે સર્વ ધર્મો પોતાનો ધર્મનો પ્રચાર અને પ્રસાર વધારી રહ્યા છે ત્યારે આપણે આપણા નાના નાના કારણોમાં અટવાઈને આપણો ધર્મ, આપણો સંપ્રદાય અને આપણા ધર્માચાર્યો વગોવાય નહી એવી રીતનો વ્યવહાર રાખીને આપણા ભગવાનના અને ધર્મ વિશેષ જીવો ધર્મ પામે એવા પ્રકારની આપણી કાર્યશૈલી હોવી જોઈએ, એવો આપણો શ્રાવક ધર્મ છે.

**''સર્વ મંગલ માંગલ્યમ્,**
**સર્વ કલ્યાણ કારણમ્,**
**પ્રધાનમ્ સર્વ ધર્માનમ્,**
**જૈનં જ્યતિ શાસનમ્''**

થાય એવા પ્રકારની મતિજ્ઞાનની નિર્મળતા પરમાત્મા આપે એવી પ્રાર્થના કરીએ છીએ.

**આત્મ કલ્યાણ એજ જગત કલ્યાણ.**
**જગત કલ્યાણ એજ આત્મ કલ્યાણ.**
**એવી**

સર્વ શાસ્ત્ર માન્ય સિધ્ધાંત સ્વરૂપને માનીને જગતનાં સર્વ જીવોનો આદર, જગતનાં સર્વ ધર્મોનો આદર જગતનાં સર્વ સંપ્રદાયોનો આદર જગતનાં સર્વ સાધુ-મહાત્માઓનો, શ્રી ધર્માચાર્યોનો આદર અને સર્વ સંપ્રદાયનાં વ્રત-તપ-જપ-ત્યાગ-દાનનો પૂર્ણ આદર સહિત જ્ઞાન સ્વભાવની સત્યાંશ સ્વરૂપની લેખમાળા આત્માર્થે વિચારીને સર્વ માન્ય શાસ્ત્રોનાં સિધ્ધાંતનો સ્વિકારીને જગતમાં વિચરતાં અને જગતમાં વર્તતું સંત-સદ્ગુરૂનાં યોગબળને પ્રાપ્ત કરીએ એજ આત્માર્થીપણું.

આજ આત્માર્થીપણાંને જગતકલ્યાણાર્થે યથાર્થ કરવા બંને લેખમાળા - ''જૈનો જાગો'' તથા ''જ્ઞાન-સ્વભાવ'' ઈન્ટરનેટ પર રજુ થયેલ છે.

**WebSite : jainojago.com**